## મૃત્યુ પામેલા રોકાણકારના મુદતી રોકાણના વ્યાજની ચૂકવણી

ડી બી ઓ ડી નં.ડી આઈ આર. બી સી. 64/13.03.00/2000-2001

03 જાન્યુઆરી, 2001
પોષ 13, 1922(શક)

તમામ કોર્મશિયલ બેંકોને
(રિજિયોનલ રૂરલ બેંકો / લોકલ એરિયા બેંકો સહિત)

સાહેબશ્રી,

<u>દિવંગત રોકાણકારની મુદતી રોકાણના વ્યાજની ચૂકવણી</u>

મૃત્યુ પામેલ રોકાણકારના ડિપોઝીટ એકાઉન્ટનું વ્યાજ ચૂકવવા બાબતે 4 નવેમ્બર, 2000 ના અમારા ડિરેકિટવ ડી બી ઓ ડી નં.ડી આઈ આર. બી સી. 46/13.03.00/ 2000-2001 નો ફકરો 14 અને 4 નવેમ્બર, 2000 નો ડિરેકિટવ ડી બી ઓ ડી નં.ડી આઈ આર. બી સી. 48/13.03.00/2000-2001 નો ફકરો 9 વાંચી જશો. હાલ ડિપોઝીટની મુદત પૂરી થયા બાદ તેના વ્યાજની ચૂકવણી દિવંગત રોકાણકારના દાવેદારને બેંક પાસે ડિપોઝીટ રહી હોય ત્યારના ચાલતા દર મુજબ કરવામાં આવે છે. મુદતી રોકાણની અવધિ પૂર્ણ થાય પહેલા વ્યાજ ચૂકવવા પાત્ર નથી જયારે અવધિ પૂરી થયા બાદ રોકાણકારનું મૃત્યુ નિપજે તો તે ફરીથી રોકાણ કરી ન શકે તેના આધારે રિન્યૂ ન થાય.

2. અમે એ સ્વીકારવામાં પ્રતિનિધિરૂપ બની રહ્યા છીએ કે, અવધિ પૂર્ણ થયે રોકાણકારનું મૃત્યુ થાય તોત તે ફરી રોકવા અસમર્થ ગણાય તેથી આવા કેસમાં અમુક વ્યાજ તેના કાયદેસરના વારસદારને આપવું. આ અંગે પરિક્ષણ કર્યા બાદ નિર્ણય લેવાયો છે કે, આવા કેસમાં બેંક દ્વારા વ્યાજની ચૂકવણી બચત રોકાણના દરે (રૂપિયા રોકાયેલા હોયત્યારે) અથવા રેસિડેન્ટ ફોરેન કરન્સી બચત (આર એફ સી) બચત રોકાણના દરે (એફ સી એન આર (બી) રોકાણ હોય ત્યારે) કરવી. પાકતી તારીખથી ચૂકવણીની તારીખની ગણતરી કરવી.

3. આ અનુસાર તા. જાન્યુઆરી 3, 2001 સુધારેલી ડિરેકિટવ ડી બી ઓ ડી નં.ડી આઈ આર. બી સી..62 and 63/13.03.00/ 2000-2001 સાથે બિડેલ છે.

4. સૂચના પત્ર ભાગ-1 નો વિભાગ-1 માં રહેલા નીચેના વિરોધાભાસ ઉભા કરતા સુધારા કાઢી નાખવા :

(i) હાલના ફકરા 9.I.11 ખંડ (1) નો પેરા ખંડ (iii) સ્લિપ નં. 10 જોડેલ છે તે મુજબ સુધારવો.

(ii) હાલના ફકરા 9.III ના ખંડ (ix) ના પેટા ખંડ (iii) સાથે જોડેલ સ્લિપ નં. 11 મુજબ સુધારવો.

આપનો વિશ્વાસુ,

**(પી. વી. સુબ્બા રાવ)**
**મુખ્ય મહા પ્રબંધક**